ભ્રષ્ટાચાર અને કોન્ટ્રાક્ટર રાજ અટકાવવા માટે સમયાંતરે બદલી થવી જોઈએ

ડ્રેનેજ, ટાઉન પ્લાનિંગ, બિલ્ડિંગ અને પાણી પુરવઠા વિભાગમાં પાંચ વર્ષથી વધુ સમયથી ઈજનેરોનો અડિંગો

પાલિકાના અનેક વિભાગોમાં ઇજનેરોની સમયસર બદલી ન થતા દબદબો અને સ્વાર્થના હિતો વધ્યા હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

મુખ્યત્વે સરકારી કચેરીઓમાં ત્રણથી પાંચ વર્ષ બાદ અધિકારીઓ અને કર્મચારીઓની બદલી કરવામાં આવે છે, જેથી કામમાં પારદર્શિતા રહે અને કોઈ એક વ્યક્તિ લાંબા સમય સુધી એક જ જગ્યાએ રહીને દબદબો ન જમાવી શકે. પરંતુ વડોદરા મહાનગરપાલિકાના કેટલાક વિભાગોમાં એવી સ્થિતિ છે કે, અહીં કેટલાક ઈજનેરોને પાંચ વર્ષથી પણ વધુ સમય થઈ ગયો છે છતાં તેમની બદલી કરવામાં આવી નથી. મહાનગરપાલિકાના વરસાદી ગટર અને ડ્રેનેજ વિભાગ, ટાઉન પ્લાનિંગ વિભાગ, બિલ્ડિંગ વિભાગ તેમજ પાણી પુરવઠા વિભાગમાં વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા ઈજનેરોની યાદી સામે આવતા હવે પાલિકા બેડામાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. અધિકારીઓના કહેવા મુજબ, સમયાંતરે બદલી કરવાથી ભ્રષ્ટાચાર, કામની ગુણવત્તા અને કોન્ટ્રાક્ટરો અથવા બિલ્ડરો પરના પ્રભાવને રોકવામાં સરળતા રહે છે. છતાં પણ વડોદરા મહાનગર પાલિકામાં કેટલીક જગ્યાએ વર્ષોથી જમા થયેલા ઈજનેરોની બદલી ન થવી પ્રશ્નાર્થ બન્યો છે. સવાલ એ છે કે, જ્યારે પાલિકાના અનેક વિભાગોમાં વારંવાર બદલીની પ્રક્રિયા થતી રહે છે ત્યારે આ ઈજનેરોની બદલી શા માટે અટકી ગઈ છે? સમયસર બદલી ન થવાને કારણે અનેક કામોમાં વ્યક્તિગત દબાણ કે સ્વાર્થના હિતો પ્રભાવિત થવાની શક્યતા વધી શકે છે. સ્થાનિક સ્તરે હવે આ મુદ્દે ચર્ચા ઉગ્ર બની છે અને પાલિકાએ સ્પષ્ટતા કરવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.

5 વર્ષથી વધુ સમયથી અડિંગા ઇજનેરો

વરસાદી અને ડ્રેનેજ વિભાગ				
સિદ્ધાર્થ પટેલ	કપિલ તિવારી	તુષાર પટેલ	મોહનિશ	ગૌતમ શર્મા
રોનક રાણા	યશ પટેલ	પાણી પુરવઠા વિભાગ	ભારત દેસાઈ	પિયુષ ગવલી
આશિષ મકવાણા	બિલ્ડિંગ વિભાગ	નવલેશ રાણા	ટાઉન પ્લાનિંગ વિભાગ	શૈલેષ પ્રજાપતિ
યગ્નેશ ભટ્ટ	પ્રશાંત ટાંક	જયદીપ પટેલ	મેહુલ સોલંકી	દીલીપ પ્રજાપતિ
એકતા જોશી	પ્રગ્નેશ પટેલ	જૈમિન પટેલ	નિકુંજ દુબે	ગોપાલ દરજી
	દીપેશ લોટે	શક્તિ પટેલ	ગૌરવ દરજી	ધ્રુવ ચૌહાણ
				કેયૂર મિસ્ત્રી

ફ્યુચેરિસ્ટિક સેલમાં વર્ષમાં જ ત્રણવાર બદલી

ફ્યુચેરિસ્ટિક સેલમાં વર્ષ 2025 દરમિયાન ત્રણ વખત અધિકારીઓ અને કર્મચારીઓની બદલી કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ પાણી પુરવઠા, ડ્રેનેજ, રોડ, ટાઉન પ્લાનિંગ સહિતના વિભાગોમાં વર્ષોથી એ જ ઇજનેરો એક જ જગ્યાએ ફરજ બજાવી રહ્યા છે, તેમ છતાં તેમની બદલી કરવામાં આવી નથી. સામાન્ય રીતે સરકારી કચેરીઓમાં ત્રણથી પાંચ વર્ષ બાદ બદલી થતી હોય છે, છતાં પાલિકાના કેટલાય વિભાગોમાં લાંબા સમયથી એક જ જગ્યાએ કામ કરતા ઇજનેરો સામે કોઈ કાર્યવાહી થતી નથી.

મધુનગર વિસ્તારમાં ચાલતા જુગારધામ પર ગોરવા પોલીસનો દરોડો, 10 ખેલી ઝડપાયા

રોકડ રકમ અને 9 મોબાઈલ સહિત રૂ.1.18 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં મધુનગર બોરિયા 02માં ધમધમતા જુગાર પર પોલીસે દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં 10 જેટલા ખેલી આબાદ ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગારીયાઓની અંગજડતી તથા દાવ પર લાગેલી રકમનો મોબાઈલ સહિત રૂપિયા 1.18 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગોરવા વિસ્તારમા પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમ્યાન બાતમી મળી હતી કે મધુનગર બોરિયા 02મા ભાથીજી મંદિર પાસે કેટલાક લોકો ભેગા થઈને જુગાર રમી રહ્યા છે અને હાલમા પણ જુગાર ધમધમી રહ્યો છે. 3 નવેમ્બરના રોજ રાત્રિના સમયે ગોરવા પોલીસે બાતમી મુજબની જગ્યાએ ચાલતા જુગાર પર રેડ કરી હતી. પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં સ્થળ પરથી 10 ખેલ સાજિદ મકબુલ વાઘેલા (રહે.જનકપુરી 02 મકાન નં 32 પંચવટી કેનાલ પાસે ગોરવા વડોદરા), આશીષકુમાર પ્રકાશ હરિજન (રહે. બોરિયા-02 મકાન નં.203 હરિજનવાસ મધુનગર કેનાલ પાસે ગોરવા વડોદરા), સલીમ દિલિપ રાઠોડ) ઉ.વ. રહે, મકાન નં.151 સમશેરનગર બોરિયા 02 મધુનગર કેનાલ પાસે ગોરવા વડોદરા,), સંદિપ ભીખા ભાઇ સોલંકી (રહે. હરિજનવાસ મકાન નં.101 બોરિયા 02 મધુનગર કેનાલ પાસે ગ.ગોરવા વડોદરા) ,સિરાજ સિકંદર રાણા (ઉ રહે, બોરિયા 02 મકાન નં.179 મધુનગર કેનાલ પાસે ગોરવા વડોદરા), હેમાંશુ પ્રવિણભાઈ સોલંકી (રહે. બોરિયા 02 ભાથીજી મંદિર પાસે મધુનગર ગોરવા વડોદરા શહેર), અખ્તર મજિદખાન પઠાણ (રહે.સમશેરનગર બોરિયા 02 મધુનગર કેનાલ પાસે ગોરવા વડોદરા), મોહસિનખાન બચુ રાઠો (રહે.રામેશ્વરનગર બોરિયા 02 મધુનગર કેનાલ પાસે ગોરવા વડોદરા), ફિરોઝ ઉર્ફે ભયલુ દિલિપ રાઠોડ ઉ.વ.31 (રહે.રામેશ્વરનગર મકાન નં.151 બોરિયા 02 મધુનગર કેનાલ પાસે ગોરવા વડોદરા) તથા નં.10 હનિફ ઉર્ફે લાલો રસુલભાઈ રાણા (રહે. રહે.રામેશ્વરનગર મકાન નં.139 બોરિયા 02 મધુનગર કેનાલ પાસે ગોરવા વડોદરા) ઝડપાઈ ગયા હતા. પોલીસ દ્વારા જુગારી આવવાની અંગઝડતી કરાતા તેમની પાસેથી

રોકડા રૂ.16 હજાર તથા મોબાઈલ ફોન નંગ 9 જેની કિ.રૂ.1.02 મળી કુલ્લે રૂપિયા 1.18 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સિક્યુરિટીના અભાવે તસ્કરોને મોકળું મેદાન મળ્યું

દિવાળીપુરા કોર્ટ સંકુલમાં મૂકેલી બે રિક્ષાની બેટરી ચોરી જતાં તસ્કરો

શહેર અરજદારો કામ અર્થે કોર્ટમાં ગયા અને કોઈ ઘટ્યો રિક્ષામાંથી બેટરી કાઢી ગયો

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરના દિવાળીપુરા ખાતે આવેલી ન્યાય મંદિરના પટાંગણમાં પાર્ક કરેલી એકસાથે બે રીક્ષાની બેટરી એકસાથે ચોરી થતા કોર્ટની સિક્યુરિટી સામે સવાલ ઊભા થયા છે. ચોરી બાબતે ચાલકો દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

વડોદરા શહેરના દિવાળીપુરા વિસ્તારમાં આવેલી ન્યાય મંદિર સંકુલમાં મોટી સંખ્યામાં લોકોની અવર જવર રહેતી હોય છે. આ કોર્ટ આ સંકુલમાં ચોરીની ઘટના સામે આવી છે. જેમાં એવી વિગત છે કે બોરસદથી કોર્ટની તારીખ ભરવા માટે આવ્યા હતા અને ન્યાયમંદિર સંકુલમાં આવેલા લાલજીભાઈ શનાભાઈ ઠાકોરે પોતાની રીક્ષા કોર્ટ સંકુલમાં જ પાર્ક કરી હતી અને તેઓ તારીખમા હાજરી આપવા માટે કોર્ટમાં ગયા હતા.

કોર્ટની કામગીરી પૂર્ણ થયા બાદ તેઓ પરત રીક્ષા પાસે આવ્યા હતા ત્યારે તેઓની રીક્ષાની બેટરી સીટ નીચેથી કાઢીને કોઈ ચોર વ્યક્તિ લઇ ગયો હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારે વધુ એક એક રીક્ષા ચાલક ભાઈને લઈને કોર્ટની તારીખ ભરવા માટે આવ્યા હતા. રીક્ષા ચાલકની બેટરી પણ તેજ રીતે ચોરી થઇ ગઈ હતી. કોર્ટ સંકુલમાં વાહનો પાર્ક કરી જતા અરજદારોના વાહનો સુરક્ષિત રહ્યા નથી. જયારે સિક્યુરીટીના અભાવે તસ્કરો માટે કોર્ટ સંકુલ ફેવરિટ થઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે. ચોરીની બંને ઘટના બાદ રીક્ષા ચાલકોએ પોલીસે ફરિયાદ નોંધાવી છે.

ફેરપ્રાઈઝ શોપ એસોસિએશનનો વિરોધ યથાવત

(પ્રતિનિધિ) વડોદરા તા.4

પડતર માંગોને લઈને વડોદરા શહેરમાં ફેર પ્રાઇઝ શોપ એસોસિએશને છેલ્લા કેટલાક દિવસોથી સરકાર સામે આંદોલન છે. ત્યારે મંગળવારે પણ આ આંદોલન યથાવત જોવા મળ્યું હતું. વડોદરામાં શેર પ્રાઇસ શોપ એસોસિએશન દ્વારા હડતાલ અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. સયાજીગંજ સરદાર પ્રતિમા પાસે સંચાલકોએ એકત્ર થઈને દેખાવ કર્યા હતા. અધિકારીઓ તપાસના નામે હેરાનગતિ કરતા હોવાના આગેવાનોએ આક્ષેપ કર્યા છે સાથે જ મીઠું ખરીદવાની ફરજ અને વધેલું મીઠું ફેકતા દંડની ફરિયાદ કરવામાં આવી છે. 20 માંગણીઓમાં કમિશન વધારવાની મુખ્ય માંગ છે. ત્યારે આ અંગે ફેર પ્રાઈઝ એસોસિએશન ના પ્રમુખ જીતેન્દ્ર નંદાએ ચેતવણી આપી છે કે, જો આગામી દિવસોમાં માંગણીઓને સંતોષવામાં નહીં આવે તો આંદોલનને યથાવત રાખવામાં આવશે અને તેને વેગ પણ અપાશે.

ક્ષતીગ્રસ્ત નંબર પ્લેટ સાથે વાહન હંકારશેતો આરટીઓ કાર્યવાહી કરશે

RTO એક્શનમાં : વાહન માલિકો માટે HSRP નંબર પ્લેટ ફરજિયાત

ખોવાઈ ગઈ હોય કે ચોરાઈ ગઈ હોય તો એવા કિસ્સામાં પોલીસનો દાખલો મેળવવો જરૂરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરાની પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરીનું તંત્ર એક્શનમાં આવ્યું છે. વાહન ચાલકે પોતાના વાહનની નંબર પ્લેટ ખોવાઈ કે તૂટી જાય ત્યારે વાહન માલિકે શું કરવું તે અંગે એડવાઇઝરી જાહેર કરી છે. આ મામલે વાહન ચાલકે પોલીસ એફઆઈઆર મેળવવી પડશે. ત્યાર બાદ ઓનલાઈન પોર્ટલ પર નવી નંબર પ્લેટ માટે કરવી અરજી કરવી પડશે. વાહન માલિકો માટે HSRP નંબર પ્લેટ કેન્દ્ર અને રાજ્ય સરકાર નિયમો મુજબ ફરજીયાત છે. જો વાહન માલિક તૂટેલી ખોવાયેલી કે પછી ક્ષતીગ્રસ્ત નંબર પ્લેટ સાથે વાહન હંકરતો જોવા મળશે તો આરટીઓ દ્વારા કાર્યવાહી કરાઈ શકે છે.

વડોદરા આરટીઓ કચેરીના એઆરટીઓ જીગર પટેલે જણાવ્યું હતું કે, 21 ઓક્ટોબર 2020ના રોજ જે એચએસઆરપી નંબર પ્લેટ ડેમેજ અથવા લોસ થાય તો એ બાબતે રિપ્લેસમેન્ટ કરવા માટે જે જાહેરનામું બહાર પાડેલ છે અને જે સૂચના આપેલી છે. જે અમલમાં છે. વાહનની નંબર પ્લેટ આગળની કે પાછળની તૂટી ગઈ હોય તો એ નંબર પ્લેટ જમા કરાવીને નવી નંબર પ્લેટ મેળવી શકો છો. તેમાં પોલીસ દાખલાની જરૂર નથી. પરંતુ, જો ખોવાઈ ગઈ હોય કે ચોરાઈ ગઈ હોય તો એવા કિસ્સામાં પોલીસનો દાખલો મેળવવો આ નોટિફિકેશન મુજબ મેળવવો જરૂરી છે. જેની માટે ઓનલાઈન પોર્ટલ પર પણ એપ્લાય કરી શકો છો. નિયમ મુજબ નંબર પ્લેટ ખોવાઈ જાય કે તૂટી જાય તો નવી નંબર પ્લેટ બનાવવાની કાર્યવાહી કરીને વાહનો પર લગાવવી ફરજિયાત છે. જેથી નવી નંબર પ્લેટ લગાવવી જોઈએ, એચએસઆપી નંબર પ્લેટ લગાવવા માટે જે પણ વાહનો 1 એપ્રિલ 2019 પછી રજિસ્ટર થયેલા છે. તેવા વાહનોમાં જે પણ વાહનોના ઓથોરાઈસ ડિલરો હોય ત્યાંથી અરજી કરીને નવી નંબર પ્લેટ માટેની પ્રક્રિયા કરી શકે છે. 1 એપ્રિલ 2019 પહેલાના જે રજિસ્ટર થયેલા વાહનો છે. તેની માટે એસઆઈએએમ કરીને પોર્ટલ છે. તેની પર ઓનલાઈન અરજી કરીને નવી પ્લેટ માટે ઓર્ડર આપી શકે છે. તમામ વાહનો પર એચએસઆરપી નંબર પ્લેટ કેન્દ્ર અને રાજ્ય સરકારના નિયમ મુજબ ફરજિયાત છે. અને નંબર પ્લેટ વાહનો પર ના હોય તેવા કિસ્સામાં આરટીઓ દ્વારા કાર્યવાહી અને દંડ પણ કરવામાં આવતો હોય છે. જેથી વાહનો પર માલિકોએ એચએસઆરપી નંબર પ્લેટ લગાવવી જોઈએ અને ચોરી અને તૂટી જવાના કિસ્સામાં પ્લેટ બદલાવી જોઈએ.

અંકલેશ્વર નોટિફાઈડના તળાવના કિનારે મહાકાય મગર લટાર મારતો જોવા મળ્યો

તળાવમાં વસવાટ કરતા બે મગર જ્યાં સુધી પાંજરે ના પુરાય ત્યાં સુધી લોકોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી

(પ્રતિનિધિ) અંકલેશ્વર તા.4

અંકલેશ્વર નોટિફાઈડના તળાવના કિનારે મંગળવારે સવારે મહાકાય મગર લટાર મારતો જોવા મળતા હાહાકાર મચી જવા પામ્યો હતો. તંત્ર આ મગરને જબ્બે કરે તે અગાઉ મગર પુનઃ તળાવમાં ગરક થઇ ગયો હતો.

અંકલેશ્વર જીઆઈડીસીના રિઝર્વર તળાવમાં રહેલ મહાકાયી મગર આજે તલાવના કિનારે લટાર મારતો જોવા મળ્યો હતો. ગત એપ્રિલ માસમાં નોટિફાઈડના તળાવમાં મગર હોવાની પુષ્ટિ થઈ હતી.જેતે સમયે તંત્ર દ્વારા તળાવના કિનારે સવારે અને સાંજે વોકિંગ અર્થે આવતા લોકો ઉપર પ્રતિબંધ મુક્યો હતો પરંતુ ત્યાર બાદ પણ લોકોની અવર જવર અટકી નહોતી.

ગત તા. 8મી ઓક્ટોબરે આજ તળાવમાં મગર ના બે બચ્ચાઓ જોવા મળ્યા હતા જે પૈકી એક બચ્ચાને પાંજરે પુરવામાં વન વિભાગને સફળતા મળી હતી. જોકે આજે સવારે મહાકાયી મગર તળાવમાંથી બહાર નીકળી તળાવના કિનારે લટાર મારતો જોવા મળ્યો હતો.આ સમયે તળાવના કિનારે અનેક લોકો વોકિંગ માટે જોવા મળ્યા હતા. જોકે આ મગર અંગે વન વિભાગને જાણ કરાય તે અગાઉ મગર પુનઃ તળાવના પાણીમાં ગરક થઇ ગયો હતો. જોકે આજના આ ઘટનાક્રમ બાદ ખાસ કરીને વોકિંગ માટે આવતા લોકોની અવર જવર જોખમી બની રહી હોય જ્યાં સુધી આ તળાવમાં વસવાટ કરતા બે મગર જ્યાં સુધી પાંજરે ના પુરાય ત્યાં સુધી લોકોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી બન્યો છે. જોવુ રહ્યુ નોટિફાઈડ તંત્ર આ બાબતને કેટલી ગંભીરતા થી લે છે.

મિત્સુ કેમ પ્લાસ્ટે વૃદ્ધિની ગતિ માટે ઉત્પાદન ક્ષમતા વધારી

વડોદરા : મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડ (બીએસઈ: 540078), ભારતની અગ્રણી પોલિમર સોલ્યુશન્સ કંપનીઓ પૈકીની એક, જે બ્લો-મોલ્ડેડ અને ઈન્જેક્શન-મોલ્ડેડ પ્રોડક્ટ્સનું મેન્યુફેક્ચરિંગ કરે છે, તેણે તેની હાલની ફેસિલિટીઝમાં વાર્ષિક આશરે 655 મેટ્રિક ટન ક્ષમતા વિસ્તરણની જાહેરાત કરી છે. આ પગલું વધતી માંગને પહોંચી વળવા, તેની સપ્લાય કેપેબલિટીઝને મજબૂત બનાવવા અને 2028 સુધીમાં વાર્ષિક આવકમાં 1,000 કરોડને પાર કરવાના કંપનીના લાંબા ગાળાના વિઝનને ટેકો આપવા માટે મિત્સુની ચાલુ વૃદ્ધિ વ્યૂહરચનાનો એક ભાગ છે. આ વધારાની ક્ષમતા મિત્સુની ઈન્ડસ્ટ્રિયલ પેકેજિંગ, હોસ્પિટલ ફર્નિચર પાર્ટ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કમ્પોનન્ટ્સ અને ઈમરજન્સી હેન્ડલિંગ સોલ્યુશન્સ જેવા સેગમેન્ટમાં તેના વધતા ગ્રાહક આધારને સેવા આપવાની ક્ષમતામાં વધારો કરશે. આ વિસ્તરણ સાથે, મિત્સુની કુલ ઓપરેશનલ કેપેસિટી આશરે 28,424 મેટ્રિક ટન પ્રતિ વર્ષથી વધીને આશરે 29,079 મેટ્રિક ટન પ્રતિ વર્ષ થશે.

દક્ષિણ ઝોનમાં રૂ.6 કરોડના ખર્ચે નવી ટ્રેન્ચલેશ ડ્રેનેજ લાઈનની કામગીરી કરાશે

સરસ્વતી ચાર રસ્તાથી જીઆઇડીસી અલવાનાકા સુધી પાઈપ ફિટિંગનું કામ માર્ચ 2029 સુધી પૂરું કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા મહાનગરપાલિકાએ દક્ષિણ ઝોનમાં જૂની ડ્રેનેજ લાઈન વારંવાર ખામી દર્શાવીને નાગરિકો તરફથી ફરિયાદો વધતાં હવે નવી અદ્યતન ડ્રેનેજ લાઈન નાખવાનું મહત્વપૂર્ણ આયોજન હાથ ધર્યું છે. સરસ્વતી ચાર રસ્તાથી લઈને જીઆઈડીસી અલવાનાકા સુધી ટ્રેન્ચલેશ પદ્ધતિથી રૂ.6 કરોડના ખર્ચે નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ હાથ ધરાશે.

આ યોજના હેઠળ અંદાજે 630 મીટર લંબાઈ વિસ્તારમાં મેન્યુઅલ પુશીંગ પદ્ધતિથી 1000 મીમી વ્યાસની

એમ.એસ. પાઈપ નાખી તેમાં 600 મીમી વ્યાસની આર.સી.સી. લાઈન ફિટ કરવામાં આવશે. નવી પાઈપને હાલની લાઈન સાથે જોડવામાં આવશે જેથી ડ્રેનેજ પ્રવાહ વધુ સુગમ બને. મ્યુનિસિપલ અધિકારીઓએ જણાવ્યું કે આ કામગીરી માર્ચ 2029 સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

જૂની લાઈન જર્જરિત અને ધોરણ વિહોણી હોવાથી છેલ્લા કેટલાક વર્ષથી આ વિસ્તારમાં ડ્રેનેજ ચોકઅપ તેમજ મશીનહોલ ઉભરાવાની વારંવારની ફરિયાદો નાગરિકો તરફથી આવતી હતી. નવી લાઈન બાદ આ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે એવી આશા છે. ગત વર્ષે જીઆઈડીસી અલવાનાકાથી કોતર તલાવડી જંક્શન સુધીના ભાગમાં સમાન પ્રકારની લાઈન નાખી વરસાદી ગટરમાં જતું સુવેઝ પાણી બંધ કરવામાં સફળતા મળી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન હવે આ કામને આગળ વધારી સમગ્ર લાઈનમાં સુધારણા લાવી રહી છે જેથી વરસાદી ઋતુમાં ગટરની સમસ્યાઓ ન સર્જાય.

ફ્લાયનકેરે ઈનોવેશન એક્ઝિબિશનમાં સિલ્વર મેડલ જીત્યો

વડોદરા : ફ્લાયનકેર હેલ્થ ઈનોવેશન્સ પ્રાઈવેટ લિમિટેડ, ફિશર મેડિકલ વેન્ચર્સની પેટાકંપનીએ પ્રતિષ્ઠિત એઆરસીએ 2025 ઈન્ટરનેશનલ ઈનોવેશન્સ એક્ઝિબિશન (ઝાગ્રેબ, ક્રોએશિયા)માં સિલ્વર મેડલ મેળવ્યો છે. IFIA ભારતનું પ્રતિનિધિત્વ કરતી વખતે મેળવેલ આ એવોર્ડ, ફ્લાયનકેરના એઆઈ-પાવર્ડ સ્ક્રીનીંગ અને પ્રિવેન્ટિવ હેલ્થ પ્લેટફોર્મની બજાર-અગ્રણી સંભાવનાને સાબિત કરે છે. 400 ગ્લોબલ ઈનોવેશન્સ સામે સ્પર્ધા કરીને મળેવ આ સમ્માન સુલભ, ટેકનોલોજી આધારિત પ્રીવેન્ટિવ કેર પ્રત્યેની અમારી વ્યૂહાત્મક પ્રતિબદ્ધતાને દર્શાવે છે અને ગ્રુપના નવીનતા પ્રયાસો માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ફિશર મેડિકલ વેન્ચર્સ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ફ્લાયનકેર હેલ્થ ઈનોવેશન્સ પ્રાઈવેટ લિમિટેડ, પ્રતિષ્ઠિત 23મા ઈન્ટરનેશનલ ઈનોવેશન્સ એક્ઝિબિશન - એઆરસીએ 2025માં સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે.

VSPF દ્વારા ટેન્ડર જાહેર, સંચાલનમાંથી આડકતરી રીતે ખસી જવાની ચર્ચા

ફતેગંજ અને હરિનગર બ્રિજ નીચેના રમત-ગમત સંકુલનું સંચાલન હવે કોણ કરશે?

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરના ફતેગંજ અને હરિનગર બ્રિજ નીચે ઉભા કરવામાં આવેલા રમતગમત સંકુલનું સંચાલન છેલ્લા કેટલાક સમયથી પ્રશ્નચિહ્ન હેઠળ આવ્યું છે. વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ આ બંને સંકુલનું સંચાલન વડોદરા સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન (VSPF)ને સોંપ્યું હતું. પરંતુ હવે વીએસપીએફ પોતે જ સંચાલન અન્યને સોંપવા માટે ટેન્ડર જાહેર કરીને આ જવાબદારીમાંથી આડકતરી રીતે ખસી જવાની તૈયારીમાં છે. જેના પગલે કોર્પોરેશનમાં નવા પ્રશ્નો ઊભા થયા છે કે આ બંને સંકુલનું સંચાલન હવે અંતે કોણ સંભાળશે?

ફતેગંજ અને હરિનગર બંને બ્રિજ નીચેની ખાલી જગ્યાનો યોગ્ય ઉપયોગ થાય અને આવક ઊભી થાય તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશનએ અહીં રમતગમત સંકુલ બનાવવા યોજના અમલમાં મૂકી હતી. સંકુલ તૈયાર થવા છતાં તેની કામગીરીમાં શરૂઆતથી જ અનેક અટકળો અને વિક્ષેપો ઉભા થયા હતા. શરૂઆતમાં એક ખાનગી સંસ્થાએ આ સંકુલ ચલાવવા માંગ વ્યક્ત કરી હતી, પરંતુ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે સીધી અરજીના આધારે સંચાલન સોંપવાનો નિર્ણય ન લઈ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી. ટેન્ડર પ્રક્રિયામાં માત્ર

એક જ ઈજારદારની અરજી મળતા અંતે મ્યુનિસિપલ કમિશનરે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં બંને જગ્યા ફાઉન્ડેશનને સોંપવાનો નિર્ણય લીધો હતો.

પરંતુ હવે ફાઉન્ડેશન પોતે જ આ સંચાલન માટે અન્ય સંચાલક શોધી રહ્યું છે. વીએસપીએફએ બંને સંકુલના સંચાલન માટે પોતાના સ્તરે નવો ટેન્ડર જાહેર કર્યો છે, જેનાથી પાલિકાની માલિકીની જગ્યાનો હક હવે અન્ય કોઈ સંસ્થાને સોંપવા જેવી સ્થિતિ સર્જાઈ છે.

વિચારવું રહ્યું કે, જ્યારે આ કામ ફાઉન્ડેશનને આપવામાં આવતું હતું ત્યારે સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ ડો. શીતલ મિસ્ત્રી એ વાંધો વ્યક્ત કર્યો હતો. તેમ છતાં કમિશનરના નિર્ણયને કમિટીના મોટાભાગના સભ્યોએ મંજૂરી આપી હતી. હાલની પરિસ્થિતિએ એવું સ્પષ્ટ સંકેત આપી દીધું છે કે ફાઉન્ડેશન અને મ્યુનિસિપલ તંત્ર વચ્ચે હવે મતભેદો ઊભા થયા છે.

સ્વ-નિર્ભર શિક્ષકોને બેરોજગાર બનાવી દેશે તેવી આશંકા વ્યક્ત કરી

ટ્યુશન ક્લાસીસ અધિનિયમ વિરુદ્ધ બરોડા એકેડમીક એસોસિએશન મેદાનમાં

સુપ્રીમ કોર્ટના ચુકાદાના સંદર્ભમાં સરકાર દ્વારા ઘડવામાં આવી રહેલા નિયમો સામે ગંભીર વાંધો ઉઠાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

ગુજરાત સરકાર દ્વારા ટ્યુશન ક્લાસીસ અધિનિયમ વિરુદ્ધ બરોડા એકેડમી એસોસિએશને વાંધો ઉઠાવ્યો છે. લગભગ એક લાખ જેટલા સ્વ-નિર્ભર શિક્ષકોને બેરોજગાર બનાવી દેશે તેવી આશંકા વ્યક્ત કરી જિલ્લા કલેક્ટર કચેરીએ રજૂઆત કરી શિક્ષકોના હિતમાં ઉકેલ લાવવા માટે માંગણી કરી હતી.

ગુજરાત સરકાર દ્વારા ટ્યુશન ક્લાસીસ માટે લાવવામાં આવી રહેલા નવા અધિનિયમનો વિરોધ કરવા માટે આજે બરોડા એકેડમી એસોસિએશનના અગ્રણીઓએ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપીને જોરદાર રજૂઆત કરી હતી. બીએએ એ સુપ્રીમ કોર્ટના ચુકાદાના સંદર્ભમાં સરકાર દ્વારા ઘડવામાં આવી રહેલા નિયમો સામે ગંભીર વાંધો ઉઠાવ્યો છે. જે નિયમો ગુજરાતના લગભગ એક લાખ જેટલા સ્વ-નિર્ભર શિક્ષકોને બેરોજગાર બનાવી દેશે તેવી આશંકા વ્યક્ત કરી છે. આ નિયમથી મોટી સંખ્યામાં ટ્યુશન ક્લાસીસ બંધ થઈ જશે અને શિક્ષકોની રોજી છીનવાઈ જશે. ક્લાસીસ પર વધુ પડતી અને

બિનજરૂરી સુવિધાઓ ઊભી કરવાનો બોજ નાખવામાં આવ્યો છે, જે નાના અને મધ્યમ કદના ક્લાસીસ માટે અશક્ય છે. અધિનિયમમાં રજિસ્ટ્રેશનના નિયમો પૂરતા સ્પષ્ટ ન હોવાથી શિક્ષકોમાં મૂંઝવણ અને અનિશ્ચિતતાનો માહોલ છે. બરોડા એકેડમી એસોસિએશનના પ્રમુખ વિપુલ જોષીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આ નિયમોમાં તાત્કાલિક સુધારા કરવામાં આવે અથવા તેનો વિરોધ દર્શાવવા માટે આજે કલેક્ટર કચેરી ખાતે તેમજ વડોદરાના તમામ ધારાસભ્યને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ પોતાની વ્યથા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે શિક્ષણ પ્રવૃત્તિને નિયંત્રિત કરવાના નામે ઘડાયેલા આ કડક નિયમો વાસ્તવમાં તેમને આર્થિક સંકટ તરફ ધકેલી રહ્યા છે. તેમણે સરકારને આ અધિનિયમ પર પુનર્વિચાર કરવા અને શિક્ષકોના હિતમાં ઉકેલ લાવવા માટે વિનંતી કરી છે.

શ્રી ઉમરેઠ ખડાયતા મિત્ર મંડળ ટ્રસ્ટ વડોદરા દ્વારા -1 કોટયેંક પ્રભુશ્રીના મહોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરના સૌથી સંગઠિત નામાંકિત શ્રી ઉમરેઠ ખડાયતા મિત્ર મંડળ ટ્રસ્ટ વડોદરા -1, શ્રી કોટયેંક પ્રભુ શ્રી નો મહોત્સવ સંખેડા દશાલાડ ભવન વૃંદાવન ચાર રસ્તા વાઘોડીયા રોડ ખાતે પૂર્વ શહેર ભા.જ.પા.ના સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર ના પ્રમુખ વિજયભાઈ શાહ ના સાનિધ્યમાં યોજાયો , જેમાં મુખ્ય સહયોગ કાયમી દાતા સ્વ. શ્રીમતી પલ્લવીબેન રશ્મિકાંતભાઈ શાહ પરિવાર, સુંદર આયોજન સહભાગી બન્યા, પ્રસંગને પાર પાડવા માટે ટ્રસ્ટીઓ દક્ષેશભાઈ શાહ ડેક્સ, કેતન તલાટી, ચંદ્રેશભાઇ શાહ, અશોકભાઈ પટેલ પ્રમુખ કમલેશભાઈ શાહ , મંત્રી ભાવિનભાઈ શાહ કારોબારી સભ્યો વિગેરે ઉપસ્થિત રહીને આન બાન શાન સાથે કાર્યક્રમ ઉજવાયો. સમાજના ધોરણ 1 થી 8 ના વિદ્યાર્થીઓને ચિત્ર સ્પર્ધા દ્વારા તેઓમાં રહેલી સુસુપ્ત શક્તિઓને બહાર લાવવાનો એક અદભૂત પ્રયાસ જોવા મળ્યો. વિજયભાઈ શાહે પ્રસ